જેનામાં શાંતિનો નિવાસ નથી તેના બધા જ સદ્‌ગુણો વ્યર્થ છે
- અરબી કહેવત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૩૦ | ૨૦ જુલાઇ, ૨૦૧૩, શનિવાર; અષાઢ સુદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# જિલ્લા પંચાયતના ઉપપ્રમુખનું રાજીનામું

## આજે રાજીનામાનો પત્ર જિલ્લા વિકાસ અધિકારીને સુપ્રત કરાયો : એક સપ્તાહમાં ખરાઈની પ્રક્રિયા હાથ ધરાયા બાદ સામાન્ય સભામાં રાજીનામું મંજુરી માટે રજુ કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ શ્રીમતિ ભીખીબેન ભરતભાઈ ઠાકોરે આજે તેમના હોદ્દા પરથી રાજીનામુ આપતો પત્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કર્યો છે.

જિલ્લા પંચાયતના પ્રમુખની ચૂંટણીને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે શ્રીમતિ ઠાકોરે પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપતા અનેક રાજકીય તર્ક વિતર્ક રાજકીય વર્તુળોમાં વહેતા થયા છે.

આજે બપોરે શ્રીમતિ ઠાકોરે તેમના રાજીનામાનો પત્ર જિલ્લા વિકાસ અધિકારીશ્રીને સુપ્રત કર્યો હતો. રાજીનામાનો પત્ર મળતાં જ જિલ્લા વિકાસ અધિકારીશ્રીનું કાર્યાલય હરકતમાં આવ્યુ છે અને આ રાજીનામાના પત્રની ખરાઈની કામગીરી હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે શ્રીમતિ ઠાકોરના રાજીનામાની ખરાઈની પ્રક્રિયા હવે આગામી સપ્તાહે હાથ ધરવામાં આવશે અને તે સંપન્ન થયા બાદ પંચાયતની સામાન્યસભામાં મંજૂરી માટે રજુ કરવામાં આવશે. સામાન્ય સભામાં રાજીનામુ મંજૂર થયા બાદ તે અંગેનો વિસ્તૃત અહેવાલ વિકાસ કમિશ્નરશ્રીને મોકલવામાં આવશે ત્યારબાદ નવા ઉપપ્રમુખની



પસંદગી માટે તારીખ નિયત કરાશે.

જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગીબેન પટેલે પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપતાં આગામી સપ્તાહમાં નવા પ્રમુખની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાવાની છે. હાલ શ્રીમતિ ભીખીબેન ઠાકોર ઈન્ચાર્જ પ્રમુખ તરીકેનો કાર્યભાર સંભાળી રહ્યા છે.

આજે પંચાયતમાં શ્રીમતિ ઠાકોરના રાજીનામાની વાત પ્રસરતાં જ કોંગી આગેવાનોની એક બેઠક મળી હતી. જેમાં પરિસ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. જો કે શ્રીમતિ ઠાકોરે અગાઉ નિરીક્ષક શ્રી શૈલેષ પરમારને પણ પોતાના રાજીનામાનો પત્ર સુપ્રત કર્યો હતો. જો કે પક્ષે તે બાબતને બહુ મહત્વની લેખાવી ન હતી. કોંગ્રેસ પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ઉપપ્રમુખ શ્રીમતિ ઠાકોરનો કાર્યકાળ પણ પૂર્ણ થતાં પક્ષે રાજીનામુ લેવાનો નિર્ણય કરેલ જ હતો.

જિલ્લા પંચાયતમાં કોઈ જ મતભેદ નહિ હોવાનું કોંગ્રેસ પક્ષના આગેવાનો સ્પષ્ટ જણાવી રહ્યા છે અને તમામ સભ્યોને સાથે રાખી જ આગળ વધવામાં આવશે તેમ પણ જણાવ્યું છે.








Center of Continuing Education
PDPU - Raisan, Gandhinagar
Japanese Language Program
22-7-13 to 18-9-13, Mon, Wen & Firdays
6.00 to 8.00 p.m,. 23 sessions
Course Fee Rs. 4500 (Incl. Servis Tax)
For Registration : 11.00 a.m. to 4.00 p.m. (Monday to Friday)
2nd Floor, SPT- I Building. Ph. : 079-23275009 M. : 9427613813
E-mail: bipin.mehta@padpu.ac.in; Web.: www.pdpu.ac.in







